# RIDDHI CORPORATE SERVICES LIMITED

ISO 9001:2015, 27001:2013 & CMMI Level 3 Certified Company

CIN: L74140GJ2010PLC62548


Date: -February 10, 2020

To,
THE SECRETARY,
BOMBAY STOCK EXCHANGE LTD.,
$25^{TH}$ FLOOR, PHIRBZE JEEJEEBHOY TOWERS,
DALAL STREET, MUMBAI -400 001,

**BSE SCRIP CODE:- 540590 SYMBOL: RIDDHI CORP ISIN: INE325X01015**

Dear Sir,

**Sub: -Submission of newspaper advertisement as per Regulation 47 of SEBI (Listing obligation and Disclosure Requirements) Regulations, 2015.**

Pursuant to the provisions of Regulation 47 of SEBI (Listing Obligations and Disclosure Requirements) Regulations, 2015, we are enclosing herewith the copies of the newspaper advertisements published in both the English and Gujarati edition of Western Times regarding Intimation about the holding of Board of Directors Meeting to Consider and take on Record the Unaudited Financial Results for the Quarter ended on $31^{st}$ December, 2019.

Kindly take the above information on your records.

**Thanking you.**
**Yours Faithfully**
**For, Riddhi Corporate Services Limited**

**Authorized Signatory**
Encl: As above

## ઝઘડિયાની દીવાન ધનજીશા હાઈસ્કૂલમાં ધોરણ ૧૦ અને ૧૨ના વિદ્યાર્થીઓ માટે ૧૦ ફેબ્રુઆરીથી મોડેલ ટેસ્ટ શરૂ થશે

**(પ્રતિનિધિ) ભરૂચ,**

મોડેલ ટેસ્ટ થી વિદ્યાર્થીઓ માંથી બોર્ડની પરીક્ષાનો હાઉ દૂર કરવાનો પ્રયાશ કરવામાં આવશે. ઝઘડિયાની દીવાન ધનજીશા હાઈસ્કૂલમાં આગામી ૧૦.૦૨.૨૦૨૦થી શાળામાં પ્રથમ વખત ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓ માટે મોડેલ ટેસ્ટનું આયોજ નૂતન કેળવણી મંડળ દ્વારા કરવામાં આવ્યું છે. મોડેલ ટેસ્ટમાં ભાગ લેનાર વિદ્યાર્થીઓનો બોર્ડની પરીક્ષા સામેનો હાઉ, ડર દૂર કરવાના પ્રયાસ હાથ ધરાશે.

આગામી માર્ચ માં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક ની બોર્ડની પરીક્ષાઓ શરૂ થઈ રહી છે. ધોરણ ૧૦ અને ૧૨ ના વિદ્યાર્થીઓમાં પરીક્ષાઓને લઈને ખાસો ઉત્સાહ જોવા મળે છે પરંતુ તેટલોજ વિદ્યાર્થીઓમાં છૂપો ડર અને પરીક્ષા પ્રત્યેનો હાઉ પણ જોવા મળે છે.વિદ્યાર્થીઓની સાથે સાથે વાલીઓમાં પણ ચિંતા ઘર કરતી હોઈ છે.વિદ્યાર્થીઓમાં બોર્ડની પરીક્ષાનો હાઉ અને ડર દૂર કરવાં ઝઘડિયાની નૂતન કેળવણી મંડળ દ્વારા સંચાલિત દીવાન ધનજીશા હાઈસ્કૂલનાં સંચાલકો દ્વારા પ્રથમ વખત અનુદાનિત શાળામાં મોડેલ ટેસ્ટનો શુભારંભ કરવામાં આવનાર છે.આગામી દિવસોમાં ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ ગાંધીનગર દ્વારા ધોરણ ૧૦ અને ૧૨ ની જાહેર પરીક્ષાઓ યોજાનાર છે ત્યારે શાળાના વિદ્યાર્થીઓમાં રહેલ પરીક્ષાનો હાઉ દૂર થાય તેમજ વિદ્યાર્થીઓ પરીક્ષા સંદર્ભ માનસિક રીતે સુસજ્જ બને તે હેતુસર તા.૧૦.૦૨.૨૦૨૦ થી નૂતન કેળવણી મંડળના હોદેદારો દ્વારા વિદ્યાર્થીઓના હિતલક્ષી સકારાત્મક પ્રયત્નોથી હાઈસ્કૂલમાં સૌ પ્રથમવાર અનુદાનિત શાળામાં મોડેલ ટેસ્ટ ૨૦૨૦ નો શુભારંભ કરવામાં આવનાર છે. આજુબાજુના ગામના આર્થિક પછાત વિદ્યાર્થીઓ સંપૂર્ણ બોર્ડ પદ્ધતિથી માહિતગાર થઈ અને ભયમુક્ત બની બોર્ડની પરીક્ષાઓ આપી શકે તે માટેની કામગીરી કરી શાળાનું પરિણામ ઉંચુ લાવવાના સનિષ્ઠ પ્રયાસો હાઈસ્કૂલના સંચાલકો દ્વારા હાથ ધરાયા છે.★


(તસ્વીર :તરૂણ પુરોહિત, કપડવંજ)

જીવનશિલ્પ એજ્યુકેશન ટ્રસ્ટ સંચાલિત જીવનશિલ્પ પ્રાઇમરિ સ્કૂલ માં વિદ્યાર્થીઓનું અંગ્રેજી ભાષાનું જ્ઞાન વધે તે હેતુથી ધો - ૫ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે સ્પેલિંગ સ્પર્ધાનું સુપર આયોજન કરવામાં આવ્યું હતું જે સંદર્ભે ધો - ૫ થી ૮ ના તમામ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો અને કુલ ૧૦ રાઉન્ડના અંતે પ્રથમ દ્વિતીય અને તૃતીય નંબર આપીને વિદ્યાર્થીઓને વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા આમ સમગ્ર સ્પર્ધા ખુબ જ સફળ રહી હતી સ્પર્ધામાં ભાગ લેનાર તમામ વિદ્યાર્થીઓ આયોજક શિક્ષક મિત્રો તથા સ્ટાફ મિત્રોને કેમ્પસના ટ્રસ્ટીગણ તથા કેમ્પસ ડિરેક્ટર શ્રી ડો બંકિમ ભાઈ શાહ દ્વારા ખૂબ ખૂબ અભિનંદન પાઠવવામાં આવ્યા હતા

## ઝઘડિયા તાલુકાના ફૂલવાડી ગામની ખાડીના કિનારે ચરતી ઘોડી પર મગરનો હુમલો

**(પ્રતિનિધિ) ભરૂચ,**

ઝઘડિયા તાલુકાના ફૂલવાડી ગામના પાદરે થી વહેતી ખાડીના કિનારે ચરતી ઘોડી પર મગરે હુમલો કર્યો છે. હુમલામાં ઘોડીના પાછળના ભાગે હુમલો કરતા શરીરના અવયવો બહાર આવી ગયા છે. મગરના હુમલામાં ગંભીર રીતે ઘવાયેલ ઘોડી ની હાલમાં સ્થાનિક પશુચિકીત્સક સારવાર કરી રહ્યા છે. ઘોડીની હાલત હાલમાં ગંભીર હોવાના અહેવાલ મળ્યા છે.

ઝઘડિયા તાલુકાના ફૂલવાડી ગામે રહેતા જસવંતસિંહ કરશનસિંહ પરમાર નામના ખેડૂત ખેતી સાથે સાથે પશુપાલન પણ કરે છે. તેમને ઘોડા રાખવાનો પણ શોખ છે. આજરોજ બપોરના સમયે તેમની એક ઘોડી ગામના પાદરમાંથી વહેતી ખાડીના કિનારે ઘાસ ચરતી હતી. બપોરના આશરે અઢી થી ત્રણ વાગ્યા ના અરસામાં ખાડીમાંથી નીકળી મગરે ઘોડી પર હુમલો કર્યો હતો. મગરે ઘોડીના પાછળના જમણા પગના થાપા પર બચકું ભર્યું હતું. જેમાં ઘોડીના શરીરના અવયવો બહાર આવી જતા તેની હાલત ગંભીર બની હતી. હુમલામાં બંને વચ્ચે ખેંચાતાણી થઈ હતી. આખરે મગર ઘોડીને ઈજાગ્રસ્ત કરી પાણીમાં ગરકાવ થઈ ગયો હતો. મગરના હુમલાની જાણ ગામમાં થતા મોટી સંખ્યામાં ગ્રામજનો ઘટના સ્થળે એકત્ર થયા હતા. ઘોડીની સારવાર અર્થે સ્થાનિક ચિકિત્સકને બોલાવતા તેમને તેની સારવાર હાથ ધરી હતી પરંતુ જીવન મરણવચ્ચે ઝોલા ખાતી ઘોડી ના બચવાની આશા બહુ ઓછી હોવાનું ચિકિત્સકે જણાવ્યું હતું. ઘોડી પર મગરના હુમલાના પગલે ફૂલવાડી ગામમાં મગરનો ભય ફરીથી જીવંત બન્યો છે. ફૂલવાડી ગામમાં આ પહેલો બનાવ મગરના હુમલાનો અન્યો હશે પરંતુ છેલ્લા કેટલા માસ થી મગર ખાડીમાં દેખાતો હોઈ વનવિભાગ દ્વારા તેને ઝડપી લેવા પીંજરું મૂક્યું હતું. આ અગાઉ મગરને પકડવા ફૂલવાડી ગામની ખાડીના કિનારે પીંજરું મુકાયું હતું પરંતુ મગર હાથ આવ્યો ના હતો. આ ઉપરાંત સેલોદ, ગુમાનદેવ, નાના સાંજા, ઉચેડિયા વિગેરે ગામોમાંથી પસાર થતી ફૂલવાડી વાળી ખાડીમાં સ્થાનિકો જવાનું ટાળશે એવો મગરના ભયનો માહોલ ઉભો થયો છે.★

## વાપી આર.કે. દેસાઈ કોલેજમાં રક્તદાન કેમ્પ યોજાયો : ૩૫ યુનિટ રક્ત એકત્ર

**(પ્રતિનિધિ) વલસાડ,**

વાપીની આર.કે. દેસાઈ ગૃપ ઓફ કોલેજના સ્થાપક સ્વ. રમણલાલ કુંવરજી દેસાઈની તા.૩ ફેબ્રુઆરીની જન્મતિથિ નિમિત્તે એમના પુત્રો મિલનભાઈ દેસાઈ અને કમલભાઈ દેસાઈ દર વર્ષે એમના જ કોલેજ કેમ્પસમાં રકતદાન શિબિરનું આયોજન કરે છે. એ પરંપરાને જાળવી રાખી આ વર્ષે યોજાયેલ રક્તદાન શિબિરમાં કુલ ૩૫ યુનિટ રકત એકઠું થયું હતું. યોગાનુયોગ એજ સમયે કોલેજના મિલનભાઈ દેસા ઈઅને એમ.એલ.એ કનુભાઈ દેસાઈનો પણ જન્મદિવસ આવતો હોય આ પ્રસંગે કેક કાપીને હરહંમેશ સાથે મળીને ઉજવણીમાં આવે છે. આ પ્રસંગે વીઆઈએના યોગેશભાઈ કાબરીયા, પ્રકાશભાઈ ભદ્રા, સતિષભાઈ પટેલ, મગનભાઈ સાવલીયા હાજર રહ્યા હતા. સાથે સાથે શિરીષભાઈ દેસાઈ,


(તસ્વીરઃ-અશોક જોષી, વલસાડ)

દિનેશભાઈ પટેલ મુકેશભાઈ નગરશેઠે હાજરી આપી હતી. ઉપરાંત રક્તદાન શિબિરમાં સેવા આપનાર સ્વ. પૂરીબેન પોપટ લાખા લાયન્સ બલડબેંકના કમિટી મેમ્બરો મુકેશભાઈ દેસાઈ, ડો. બિપીનભાઈ ગાંધી, કમલેશભાઈ પટેલ અને ગિરીશભાઈ પટેલ હાજર રહ્યા હતા. સમગ્ર બ્લડ કેમ્પ કેમ્પસ ડાયરેકટર ડો. આર.સી. ગાંધીના આયોજનમાં કોલેજમાં ભણતા વિદ્યાર્થીઓ અને શિક્ષકોએ રક્તદાન કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.★

### ચાર રસ્તા પર ૬ દિવસથી પાણીની પાઈપલાઈનમાં ભંગાણ

## મોડાસા નગરપાલિકાની બેદરકારીના પગલે પાણી કોમ્પલેક્ષની દુકાનોઓમાં ઘુસ્યું

**(પ્રતિનિધિ) મોડાસા,**

મોડાસા શહેરમાં પાણીનો બચાવ થાય તે હેતુથી એકાંતરે પાણી આપવાનો નિર્ણય મોડાસા નગરપાલિકા કર્યો છે આવું કેમ કરવામાં આવ્યું તેના પાછળ પાલિકા તંત્રએ ભવિષ્યનો વિચાર કર્યો પણ મોડાસા ચાર રસ્તા પર છેલ્લા ૬ દિવસથી પાલિકાના ભવિષ્ય પર પાણી ફરી રહ્યું છે નગરપાલિકા તંત્ર પીવાના પાણીની પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા બે દિવસથી કામગીરી હાથધરી હતી સમારકામની કામગીરી દરમિયાન પાઈપલાઈનમાં વધુ ભંગાણ થતા હજ્જારો લીટર પાણી નજીકમાં આવેલ પ્રથમ કોમ્પલેક્ષની દુકાનોમાં ઘુસી જતા દુકાનોમાં રહેલો માલસામાન બગાડી જવાની નોબત આવતા વેપારીઓએ પાણી ઉલેચવા મથામણ આદરી હતી નગરપાલિકા તંત્રની બેદરકારીના પગલે હજ્જારો લીટર પાણીનો વેડફાટ થવાની સાથે વેપારીઓની હાલત ભારે કફોડી બની હતી.

મોડાસા શહેરના ચાર રસ્તા જેવા ભરચક વિસ્તારમાં છેલ્લા ચાર દિવસથી ચોમાસા જેવી પરિસ્થિતિ સર્જાઈ છે એવું લાગે છે કે લોકો વરસાદી માહોલ માંથી પસાર થઈ રહ્યા હોય અને રાહદારીઓને પાણીમાંથી પસાર થવાનો વારો આવે અને બાળકો છબ છબીયા કરતા નથી પસાર થતા હોય આવું કેમ બને છે તેના પાછળનું કારણ એ છે કે છેલ્લા ૬ દિવસથી સ્ટેટ બેંકની સામે પાણીની પાઈપલાઇનમાં ભંગાણ સર્જાયું હતુ પાઈપલાઈનમાં ભંગાણ સર્જાતા ૪ દિવસ પછી નગરપાલિકા તંત્ર સફાળું જાગી પાઈપલાઈનમાં સર્જાયેલ ભંગાણનું સમારકામ કરવામાં ગોથું ખાઈ ગઈ હોય તેમ શુક્રવારે રાત્રીના સુમારે પાઈપલાઈનમાં વધુ ભંગાણ સર્જાતા હજ્જારો લીટર પાણી વેડફાટ સાથે નજીકમાં આવેલા પ્રથમ કોમ્પ્લેક્ષમાં ઘુસી જવાની સાથે ચાર રસ્તા પર નદી વહેતી હોય તેવા દ્રશ્યો જોવા મળ્યા હતા નગરપાલિકા તંત્રની બેદરકારી સામે લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.★

## અતુલમાં આજે હાફ મેરેથોન યોજાશે


(તસ્વીરઃ-અશોક જોષી, વલસાડ)

**(પ્રતિનિધ) વલસાડ,**

સ્વાસ્થ્ય સારું રહે, બાળ મજુરી નાબુદી અભિયાન સાથે અતુલ એ આર ડી એફ, ઉલ્હાસ જીમખાના તથા અતુલ કંપનીના સહયોગથી ૯મી ડિસેમ્બરે અતુલ રન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. અતુલ રન હાફ મેરેથોન સ્પર્ધામાં આજુબાજુના ૨૯ ગામો તથા અન્ય વિસ્તારના દોડવીરો મળી કુલ ૨,૦૦૦ જેટલા સ્પર્ધકો આ સ્પર્ધામાં ભાગ લેનાર છે. આ સ્પર્ધામાં ૨૯ ગામોમાંથી પાંચ કિલોમીટરની દોડમાં ભાગ લઈ રહેલા દોડવીર પ્રથમ આવશે તો ૧૦ હજારનું ઈનામ તથા ગામમાં જીએસઆર હેઠળ ૫૦ હજારના વિકાસના કામો કરવાની જાહેરાત કરી છે. આ ઉપરાંત ચાર પોઈન્ટ પચાસ લાખના ઈનામો આપવામાં આવનાર હોવાનું પત્રકાર પરિષદમાં જણાવ્યું છે. અતુલ કલબમાં પત્રકાર પરિષદમાં અતુલ ઉલ્હાસ જીમખાના પ્રમુખ વિવેક ગદરે, ટ્રસ્ટી વિશ્રોઈ, ઉપપ્રમુખ અશોકભાઈ તથા જનરલ સેક્રેટરી જે.ડી. પટેલ એ જણાવ્યું કે સ્વાસ્થ્ય સારું રહે, બાળ મજુરી નાબુદી અભિયાન સાથે અતુલ રુલર ડેવલોપમેન્ટ ફંડ એ આર ડી એફ અતુલ ઉલ્હાસ જીમખાના તથા અતુલ કંપનીના સહયોગથી આગામી તા.૯.૨.૨૦૨૦ના રવિવારના રોજ અતુલ રન સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું છે. અતુલ રન હાફ મેરેથોન દોડ અતુલ ઉલ્હાસ મેદાનમાં ભેગા થઈ ૨૧.૧૦ કિ઼ી સવારે ૬.૩૦ કલાકે, કવાર્ટર મેરેથોન ૧૦.૭૦ કિમી સવારે ૬:૪૫ કલાકે, ફન રન અને વીલેજ રન ૫ કિમી ૭.૦૦ કલાકે ચિલ્ડ્રન ૩ કિ.મી. સવારે ૮.૧૫ કલાકે વલસાડ જિલ્લા કલેકટર વલસાડ ડીએસપી તથા અન્ય અધિકારીઓ લીલી ઝંડી ફરકાવતા દોડવીરો દોડની શરૂઆત કરશે.★

## આણંદ ઉમ્મીદ ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત ઉમ્મીદ એકેડમી ખાતે સ્પોર્ટ્સ ડેની ઉજવણી કરવામાં આવી


(તસ્વીર : મોહસીન વહોરા, સેવાલીયા)

**(પ્રતિનિધિ) સેવાલિયા,**

આણંદ ઉમ્મીદ ચેરીટેબલ ટ્રસ્ટ (ઉમ્મીદ ગ્રુપ) દ્વારા સમાજમા શિક્ષણ પ્રત્યે જાગૃતતા લાવવાના અથાગ પ્રયત્નો થઈ રહ્યા છે. ત્યારે તેના ભાગરૂપે વિદ્યાર્થીઓ માં શીક્ષણની સાથે સાથે રમતગમતમાં પણ જાગૃતતા વધે તે હેતુથી આજે ઉમ્મીદ એકેડમી ખાતે સ્પોર્ટ્સ ડેની ભવ્ય ઉજવણી કરવામાં આવી હતી. જેમાં રેસિંગ, ફ્રોગ રેસ,લેમન સ્પૂન, મ્યુઝીકલ ચેર જેવી વિવિધ રમતોમાં વિદ્યાર્થીઓ એ ઉત્સાહભેર ભાગ લીધો હતો. વિજેતા તમામ વિદ્યાર્થીઓને પ્રોગ્રામમાં ઉપસ્થિત ઉમ્મીદ એકેડમીના ટ્રસ્ટીઓના હસ્તે મેડલ આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.

પ્રોગ્રામને સફળ બનાવવામાં ઉમ્મીદ એકેડમીના ઉત્સાહી શિક્ષણ ગણ, સ્ટાફ તેમજ ઉમ્મીદ ગ્રુપના કારોબારી સભ્યો દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.★

## દેવગઢબારિયા સબજેલમાંથી દીવાલ કૂદી બે કાચા કામના કેદી ફરાર થઈ જતા જિલ્લાનું પોલીસ તંત્ર દોડતું થયું

**દેવગઢબારિયા,**

દાહોદ જિલ્લાના દેવગઢબારીયા તાલુકામાં મથકે આવેલ સબ જેલ માંથી બે કાચા કામના કેદી જેમાં એક કુખ્યાત બુટલેગર અને બીજો અપહરણ બળાત્કાર પોસ્કો નો કેદી જેલ ની દીવાલ કૂદી ફરાર થઈ જતા જેલ સત્તાધીશ સહિત જિલ્લા પોલીસ તંત્ર દોડતું થયું જેલરે ફરાર થયેલા બે આરોપી તેમજ જેલ ગાર્ડ ના માણસો વિરુદ્ધ ગુન્હો નોધાવ્યો પોલીસે તપાસ હાથ ધરી.

પ્રાપ્ત માહિતી મુજબ તા ૭ ફેબ્રુઆરી ના રોજ દેવગઢ બારીઆ ખાતે આવેલ સબ જેલ માં બેરેક નંબર ૨ ના રૂમ નંબર ૫માં કુલ પાંચ કેદી હતા અને સાંજ ના સમયે આરતી નો સમય હોવાથી પૂજા માટે કેદી આ પાચ કેદી ઓને બેરેક માંથી બહાર કાઢેલા અને પૂજા પૂરી થતા તમામ કેદી આ નેબેરેકમાં પરત મૂકી દીધેલા અને પછી બેરેક વાઈસ ગણત્રી કરતાં જેમાં રૂમ નબર પાચ માં બે કેદી ગણત્રી માં ઓછા જણાતા તપાસ કરતા જેમાં બે કાચા કામના કેદી ગાર્ડ ના માણસો ની નજર ચૂકવી દિવાલ ઉપર દોરડું નાખી ફરાર થઈ ગયા હોવાનું જેલગાર્ડ નાના માણસોને જનાઈ આવતા હતા જેમાં એક કુખ્યાત બુટલેગર ભીખા હેમસિંગ રાઠવા રહે.મીઠીબોર તા.જી છોટાઉદેપુર નો જે સાગટાળા પોલીસ મથકના બે પ્રોહી એકટ મુજબ તેમજ ૩૦૭ આર્મ એક્ટના ગુન્હાનો કાચા કામનો કેદી તેમજ અન્ય કૌશિક કિર્તન ડામોર રહે. ડુમકા તાલુકો ધાનપુર જે ધાનપુર પોલીસ મથકના ફસ્ટ ગુના રજીસ્ટર નંબર૩/૨૦૧૯ ના ઈપીકો કલમ ૩૬૩,૩૬૬,૩૭૬ તેમજ પોક્સો મુજબનું કાચા કામનો આરોપી એમ બન્ને કેદી દિવાલ ઉપર દોરડું નાખી પોલીસની નજર ચૂકવી ફરાર થઈ ગયા હતા. જે બનાવ અંગે જેલગાર્ડના પોલીસ કર્મી રમણસિંહ ગણપતસિંહએ સબ જેલના જેલરને આ બનાવ અંગે લેખિત જાણ કરતા જેલર તાત્કાલિક ઉપર દોડી ગઈ દેવગઢબારિયા પોલીસને આ બનાવ અંગેની જાણ કરતા પોલીસે તાત્કાલિક રાત્રિના નાકા બાંધી કરાવી હતી. જ્યારે બન્ને કેદી મળી નહિ આવતા જિલ્લાના ઉચ્ચ પોલીસ અધિકારીઓ સહિત રાત્રિના તપાસ હાથ ધરવામાં આવી હતી અને પોલીસ કાફલો દેવગઢબારિયા દોડી આવ્યો હતો. ત્યારે આ બન્ને કાચાકામના કેદી ભીખા હેમસિંગ રાઠવા અને કૌશિક કિર્તન ડામોર સહિત જેલગાર્ડના પોલીસ કર્મીએ એસ.આઈ. રમણસિંહ ગણપતસિંહ .આ.પો.કો અલ્પેશકુમાર લક્ષ્મણસિંહ લો આ આ.પો.કો અશ્વિન વાલસિંગ. તેમજ લો અં.પો.કો. અનિલ રમેશભાઈ ફરજમાં બે દરકારી દાખવી હોવાથી જેલર દર્શન ચૌધરી પર બે કાચા કામના આરોપી સહિત ચાર પોલીસ જવાન વિરુદ્ધ દેવગઢબારિયા પોલીસ મથકે નોંધાવતા પોલીસે ગુનો નોધી વધુ તપાસ હાથ ધરી છે.

## ખેડબ્રહ્મા શહેરમાં અચલેશ્વર મહાદેવ મંદિરમાં ભાગવત ભાગવત કથાનું આયોજન કરાયું


(તસ્વીર :હસમુખ પંચાલ - ખેડબ્રહ્મા)

**ખેડબ્રહ્મા :** ખેડબ્રહ્મા શહેર ના ગામ વિસ્તારમાં આવેલ અચલેશ્વર મહાદેવ મંદિરે તુલસી મંડળ દ્વારા શ્રીમદ ભાગવત સપ્તાહનું આયોજન કરાયું હતું. તારીખ ૧-૨- ૨૦૨૦ થી તારીખ ૭- ૨ -૨૦૨૦ સુધી ભાગવત કથાનું રસપાન મૂળ ખેડબ્રહ્મા ના રહીશ એવા વિદ્વાન શાસ્ત્રી નિરવકુમાર રાકેશભાઈ ત્રિવેદીએ કરાવ્યું હતું. સાત દિવસ સુધી ખેડબ્રહ્માના લોકોએ કથાનું રસપાન કર્યું હતું. કથાના અંતિમ દિવસ તારીખ ૭- ૨ -૨૦૨૦ ને શુક્રવારના દિવસે કથાનું સમાપન હતું.. આ દિવસે ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ ઉપાધ્યક્ષ અને ખેડબ્રહ્માના પૂર્વ ધારાસભ્ય શ્રીમતી રમીલાબેન બારા નું સન્માન કરાયું હતું. આ પ્રસંગે ખેડબ્રહ્મા તાલુકા ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ સુરેશભાઈ પટેલ,ખેડબ્રહ્મા શહેર ભારતીય જનતા પાર્ટીના પ્રમુખ અરવિંદ ભાઈ રાવલ તથા ખેડબ્રહ્મા શહેરના અગ્રણીઓ આ પ્રસંગે ઉપસ્થિત રહ્યા હતા.

## રાજપારડી - ઝઘડીયા વચ્ચે દિવસે દિવસે માથાનો દુખાવો બનતો ધોરીમાર્ગ

**ભરૂચ,**

અંકલેશ્વર થી રાજપીપલાનો ધોરીમાર્ગ ભરૂચ જિલ્લાને નર્મદા જિલ્લા સાથે જોડતો મહત્વનો માર્ગ ગણાય છે.આ માર્ગ અંકલેશ્વર નજીક નેશનલ હાઈવે સાથે જોડાતો મહત્વનો માર્ગ છે.કેવડીયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટી બન્યા બાદ આ માર્ગનું મહત્વ ખુબ વધી ગયુ છે.આ માર્ગ ચાર માર્ગીય બનાવવાની કામગીરી ચાલુ થયા બાદ જનતામાં મોટી ખુશી ફેલાવા પામી હતી.પરંતુ કામગીરી લાંબા સમય થી સ્થગિત થઈ જત?ા જનતાની ખુશી પર પાણી ફરી વળ્યુ.રાજપારડી ઝઘડીયા વચ્ચેતો માર્ગ પણ દિવસે દિવસે જાણે બિસ્મારતાની હદ વટાવી રહ્યો હોય એવી પરિસ્થિતિ પેદા થઈ રહી છે.વિતેલા દાયકા દરમ્યાન આ ધોરીમાર્ગ પર દોડતા વાહનોની સંખ્યામાં નોંધપાત્ર વધારો થયો છે.આ ધોરીમાર્ગ રાષ્ટ્રિય ધોરીમાર્ગની ગણતરીમાં લેવો હોય તોપણ લઈ શકાય એટલા વાહનોની અવરજવર વાળો બન્યો છે.કેવડીયા ખાતે સ્ટેચ્યુ ઓફ યુનિટીના નિર્માણ બાદ સ્ટેચ્યુ નિહાળવા આવતા સહેલાણીઓની સંખ્યામાં દિવસે દિવસે ઉત્તરોત્તર વધારો થઈ રહ્યો છે.ત્યારે દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ માંથી આવતા પ્રવાસીઓ કેવડીયા જવા માટે આ માર્ગનો ઉપયોગ કરે છે.વિશ્વ પ્રસિદ્ધ સ્ટેચ્યુ ની શોભા અને મોભાને અનુરૂપ માર્ગની સુવિધા હોવી જોઈએ.લાંબા સમયથી સ્થગિત થઈ ગયેલી આ ધોરીમાર્ગની કામગીરી તાકીદે પુનઃ શરુ કરવાની તાતી જરુર જણાઈ રહી છે.લાંબા સમયથી વિકૃત બની ગયેલા માર્ગની બિસ્મારતા જનતાને અકળાવી રહી છે.ચાર માર્ગીય કામગીરી શરુ કરાયા બાદ કામ બંધ થઈ જતા જનતા માટે મોટી હાલાકિ સર્જાવા પામી છે.રાજપારડી નગર ભરુચ જિલ્લાનું અગ્રિમ કક્ષાનું વેપારી મથક છે.રાજપારડી ચાર રસ્તા પરથી આ ધોરીમાર્ગ પસાર થાય છે.ચાર રસ્તા નજીક પણ માર્ગ મોટા પ્રમાણમાં બિસ્માર બની ગયોછે.ઉપરાંત ઝઘડીયા તરફના રસ્તે ભુંડવા ખાડી નજીક પણ વિકટ પરિસ્થિતિ સર્જાતા વાહન ચાલકો માટે મુશ્કેલીનું કારણ બન્યો છે.રાજપારડી ચોકડી નજીક તેમજ અન્ય સ્થળોએ દોડતા વાહનોને કારણે ધુળના ગોટેગોટા ઉડતા દેખાય છે.આ માર્ગ તેના પરથી પસાર થતા વાહનોની મોટી સંખ્યાના કારણે છ માર્ગીય બનાવવાની પણ જરુરછે.બિસ્માર બનેલા માર્ગને કારણે રોંગ સાઈડે જતા વાહનોની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.રોંગ સાઈડે જતા વાહનોથી ઘણીવાર અકસ્માતો સર્જાતા હોવાની ચર્ચાઓ પણ ઉઠવા પામી છે.જનતા પણ જાણે ના છુટકે બિસ્માર માર્ગ સ્વિકારી લીધો હોય એમ જાણે મુક પ્રેક્ષક બનીને માર્ગની બિસ્મારતા નિહાળી રહી હોય એમ લાગે છે અને હવેતો તાકીદે આ બિસ્માર માર્ગની કામગીરી શરુ કરવામાં આવે તેની રાહ જોઈ રહી છે.

### સંજેલી તાલુકામાં આદિવાસી સમાજમાં સમૂહલગ્ન માટે ચર્ચા વિચારણા કરવામાં આવી

**સંજેલી,**

સંજેલી તાલુકામાં આદિવાસી સમાજ લગ્નમાં થતા ખોટા ખર્ચાઓ તેમજ કુરિવાજોને ડામવા સમૂહલગ્ન માટે સંજેલી ખોડિયાર માતાના મંદિરે ૮ મીને શનિવારના રોજ મીટીંગનું આયોજન કરવામાં આવ્યું હતુ

સંજેલી તાલુકામાં આદિવાસી સમાજમાં લગ્નમાં થતા ખોટા ખર્ચાઓ તેમજ કુરિવાજોને ડામવા આદિવાસી સમાજ દ્વારા સમૂહલગ્ન માટે ખોડિયાર માતાના મંદિરે ચર્ચા વિચારણા કરવામાં આવી હતી સમૂહલગ્નમાં જોડાવા જાગૃત તા લાવવા માટે તાલુકાની દરેક ગ્રામ પંચાયત ૧૦ ૨ થી ૨૦ ૨ સુધી મિટિંગ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં જિલ્લા અને તાલુકા સભ્યો સરપંચો શિક્ષકો આગેવાનો આદિવાસી સમાજના અગ્રણીઓ ભેગા મળી સમૂહ લગ્ન મહોત્સવ યોજવા માટે ચર્ચા વિચારણા કરી હતી જેમાં તાલુકાના આદિવાસી સમાજના લોકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા કોઈ પણ જાતના રાજકીય રોટલા કે પક્ષપાત ભેદભાવ ભૂલીને એક ભગીરથ ઉમદા કાર્યમાં ભાગીદાર બનવા સંકલ્પ સાથે મીટીંગ પૂર્ણ કરવામાં આવી હતી.

## અપોલો હોસ્પિટલ્સે અદ્યતન ટેકનોલોજી ધરાવતું ન્યૂરોસર્જરી સેન્ટર સ્થાપિત કર્યું



**અમદાવાદ,**

વર્લ્ડ ઈકોનોમિક ફોરમે જણાવ્યું છે કે, હેલ્થકેરની દ્રષ્ટિએ વર્તમાન દાયકો અતિ મહત્ત્વપૂર્ણ છે, ખાસ કરીને બિનચેપી રોગો (એનસીડી)ના વધતા ભારણને ધ્યાનમાં રાખીને. ૧.૩ અબજની પ્રચંડ વસ્તી ધરાવતા ભારતમાં બિનચેપી રોગો (એનસીડી)નાં દર્દીઓમાં ઝડપથી વધારો જોવા મળી રહ્યો છે. એનસીડીમાં ન્યૂરોલોજિકલ રોગોનું પ્રમાણ મહત્ત્વપૂર્ણ છે. અપોલો હોસ્પિટલ ન્યૂરોલોજિકલ રોગોનું નિદાન અને સારવાર કરવા શ્રેષ્ઠ સુવિધાઓ અને નવી, અસરકારક ટેકનિકો પ્રદાન કરવા કટિબદ્ધ છે. દુનિયાભરમાં સેંકડો મિલિયન લોકો ન્યૂરોલોજિકલ સમસ્યાઓથી પીડિત છે. જ્યારે દુનિયામાં દર વર્ષે આશરે ૬ મિલિયન લોકો સ્ટ્રોકને કારણે મૃત્યુ પામે છે, ત્યારે ૫૦ મિલિયનથી વધારે લોકો એપિલેપ્સી (વાઈ)ને કારણે મૃત્યુ પામે છે. ન્યૂરોલોજિકલ રોગોનો સામનો કરવા અદ્યતન નિદાન અને સારવારની સુવિધાઓ પૂરી પાડવાના પોતાનાં અભિયાનનાં ભાગરૂપે અપોલો હોસ્પિટલ્સે ડૉ. પરેશ દોશીનાં નેતૃત્વમાં ગુજરાતનું પ્રથમ અને અદ્યતન ન્યૂરોસર્જરી સેન્ટર સ્થાપિત કર્યું છે. ન્યૂરોસર્જરીની સબસ્પેશિયાલ્ટી ફંક્શનલ ન્યૂરોસર્જરી સૌથી વધુ થતી હલનચલનની સમસ્યાઓ માટે કારણભૂત પાર્કિન્સન્સ ડિસીઝ, એપિલેપ્સી સર્જરી, હતાશા અને ઓબ્સેસ્સિવ કમ્પલ્સિવ ડિસઓર્ડર જેવા સાઈકિયાટ્રિક રોગો, અતિ દુઃખાવો અને સ્પાસ્ટિસિટીની સારવાર કરે છે. અત્યાર સુધી આ તમામ બિમારીઓની સારવાર દવાઓ દ્વારા થતી હતી. આ સેન્ટર ઓફ એક્સલન્સ ઉપરોક્ત તમામ જટિલ ન્યૂરોલોજિકલ બિમારીઓ માટે અદ્યતન ફંક્શનલ ન્યૂરોસર્જરી ઓફર કરે છે, જેથી ચેતાતંતુઓ આંશિકથી લઈને સંપૂર્ણપણે પુનઃ કાર્યરત થાય છે, જે દર્દીઓ માટે જીવનની ગુણવત્તા સુનિશ્ચિત કરે છે. અપોલો હોસ્પિટલમાં ડીપ બ્રેઈન સ્ટિમ્યુલેશનનાં સ્પેશિયાલિસ્ટ અને ફંક્શનલ ન્યૂરો સર્જરીનાં ગ્રૂપ એડવાઈઝર ડૉ. પરેશ દોશીએ કહ્યું હતું કે, “છેલ્લાં થોડાં દાયકાઓમાં ન્યૂરોલોજિકલ અને ન્યૂરોડિજનરેટિવ બિમારીઓમાં સતત વધારો થયો છે.

**નામ બદલેલ છે**

મેં મારૂ જૂનું નામ **રાજકુમાર મોટુમલ ચૈનાણી** હતુ તે બદલીને **રાજકુમાર મોટુમલ કુકરેજા** રાખેલ છે. સરનામું : ૨૨, શાંતીનગર સોસાયટી, જુના વાડજ રોડ, ઉસ્માનપુરા, અમદાવાદ. 3783

**નામ બદલેલ છે**

મેં મારૂ જૂનું નામ **પુષ્પાબેન રાજકુમાર ચૈનાણી** હતુ તે બદલીને **પુષ્પાબેન રાજકુમાર કુકરેજા** રાખેલ છે. સરનામું : ૨૨, શાંતીનગર સોસાયટી, જુના વાડજ રોડ, ઉસ્માનપુરા, અમદાવાદ. 3783A

## શ્રી વલ્લભ સંસ્કારધામ ડે બોર્ડિંગ શાળામાં વિવિધ ચિત્ર સ્પર્ધાઓ માટે ઈનામ અપાયું

**(પ્રતિનિધિ) વલસાડ,**

પારડી શ્રી વલ્લભ સંસ્કારધામ ડે બોર્ડીંગ શાળામાં ચિત્ર સ્પર્ધાઓ જેવી કે અવંતિકા, રંગોત્સવ, ઈન્દિરા ગાંધી, સ્ટુડન્ટ ડેવલોપમેન્ટ, માસ્ટર આર્ટસ કોમ્પીટીશનનું ઈનામ વિતરણ કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં મુખ્ય અતિથિ તરીકે વલસાડના ડીસ્ટ્રીક્ટ ગવર્નમેન્ટ પ્લેઝર એન્ડ પબ્લિક પ્રોસીક્યુટર અનિલભાઈ ત્રિપાઠી અને શાળાના ટ્રસ્ટ સેક્રેટરી કુશ સાકરીયા ઉપસ્થિત રહ્યા હતા. તેમનું સ્વાગત શાળાના આચાર્ય દેવેન્દ્રસિંઘના હસ્તે પુષ્પગુચ્છ આપી કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં ૨૪ જાન્યુઆરીના રોજ યોજાયેલ વાર્ષિક રમોત્સવમાં વિજેતા થયેલા વિદ્યાર્થીઓને અને વાલીઓને ઉપસ્થિત અતિથિઓના હાથે ઈનામ આપવામાં આવ્યું હતું. અનિલ ત્રિપાઠીએ જીવનમાં પોતાને થયેલા અનુભવની સાથે સાથે નિષ્ફળતા જ સફળતાની ચાવી છે એવું જણાવી વિદ્યાર્થીઓને પ્રોત્સાહન પુરું પાડયું હતું. શાળાના આચાર્ય દેવેન્દ્રપ્રસિંઘે વિજેતા થયેલા વિદ્યાર્થીઓને અભિનંદન પાઠવ્યા અને ઉપસ્થિત મહેમાનોનો આભાર માન્યો હતો.★

**વેસ્ટર્ન ટાઇમ્સ**

**વેસ્ટર્ન ટાઇમ્સ**માં પ્રકાશિત જાહેરાતો અંગે વાંચકોએ પોતાની રીતે ચકાસણી કરી નિર્ણય લેવો.

-જાહેરખબર મેનેજર

**રીધ્ધી કોર્પોરેટ સર્વિસીસ લિમિટેડ** (CIN: L74140GJ2010PLC062548)

રજી. ઓફિસ : ૧૦, મીલ ઓફિસર્સ કોલોની, જૂની આરબીઆઈ પાછળ, આશ્રમરોડ, અમદાવાદ - 380009 Ph: 079-26580767, Web : www.riddhicorporate.co.in E-Mail :Investor@rcspl.net

**નોટિસ**

સેબીના (લીસ્ટીંગ ઓબ્લીગેશન તથા ડિસકલોઝર રીકવાયરમેન્ટ) રેગ્યુલેશન, ૨૦૧૫ ના રેગ્યુલેશન ૨૯ (૧) (એ) અન્વયે નોટિસ પાઠવવામાં આવે છે કે **શુક્રવાર, ૧૪મી ફેબ્રુઆરી, ૨૦૨૦**ના રોજ કંપનીના બોર્ડ ઓફ ડિરેક્ટર્સની મિટિંગ મળશે. જેમા તારીખ ૩૧મી ડીસેમ્બર ૨૦૧૯ ના રોજ પુરા થતા વર્ષના અંત ગાળા માટે અનઓડીટેડ નાણાંકીય પરિણામો પર વિચારણા કરીને બહાલી આપવામાં આવશે.

વધુ વિગત કંપનીની વેબસાઈટ www.riddhicorporate.co.in ઉપર તથા સ્ટોક એક્ચેન્જની વેબસાઈટ www.bseindia.com ઉપર ઉપલબ્ધ છે.

રીધ્ધી કોર્પોરેટ સર્વિસીસ લિમિટેડ વતી

સ્થળ : અમદાવાદ — સહી /- **અર્પિત પ્રવિણચંદ્ર ગોર**

તારીખ : 08-02-2020 — પૂર્ણ સમયના ડિરેક્ટર (DIN : 03041615)

**ઇન્ડિયા હોમ લોન લિમિટેડ**

**રજિ. ઓફિસઃ ૫૦૪, નિર્મલ એકસ્ટસી, છઠ્ઠો માળ, જટાશંકર દોસા રોડ,મુલુંડ (પશ્ચિમ) મુંબઈ-૪૦૦ ૦૮૦**

**શાખા કચેરીઃ એ -૨૦૨, ગણેશ પ્લાઝા મકાન, નવરંગપુરા પોસ્ટ ઓફિસ નજીક,નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯**

**હરાજી કમ વેચાણ માટે જાહેર નોટીસ**

ઉધાર લેનારાઓ પાસેથી મળતી રકમની વસૂલાત માટે, નાણાકીય અસ્કયામતોના સલામતી અને પુનર્નિર્માણ અને સલામતી વ્યાજ અધિનિયમ, ૨૦૦૨ના અમલીકરણ હેઠળ ઈન્ડિયા હોમ લોન લીમીટેડ દ્વારા અધિકૃત સુરક્ષિત અસ્કયામતોના કબજા હેઠળ, ઓફર દ્વારા આમંત્રિત કરવામાં આવે છે. સ્થાવર મિલકતની ખરીદી માટે સીલ કરેલ કવરમાં નીચે દર્શાવેલ, જે નીચે પ્રમાણે વર્ણવેલ છે, જે **“જેમ છે ત્યાં છે અને જે આધારે છે તે”** ભૌતિક કબજામાં છે, તે વિગતો નીચે આપેલ છેઃ -

| દેવાદારો/ જામીનદારો | ડીમાન્ડ નોટીસની તારીખ અને રકમ | સ્થાવર મિલકતનું વર્ણ | રીઝર્વ કિંમત | બાનાની રકમ (ઇએમડી) |
|---|---|---|---|---|
| (એએમડી ૬૧૪) શ્રી. મહેશગીરી મોહનસિંગગીરી ગોસ્વામી<br>શ્રીમતી. રીટાબેન મગલગીરી ગોસ્વામી | ૩૦.૦૭.૨૦૧૮<br>રૂા.૨૦,૩૭,૪૧૧/- | પ્રોપર્ટી બીયરીંગ પ્લોટ નં.૫૫ થી ૫૭, બાલાજી પાર્ક-૨, ચોરા વિસ્તાર, જેનો સર્વે નં.૫૯ પૈકી ૨ અને ૬૦ પૈકી ૧ મોજે મોવાઈયા, તા. પડધારી, જી. રાજકોટ-૩૬૦૧૧૦ | રૂા.૧૧,૦૦,૦૦૦<br>(રૂપિયા અગીયાર લાખ ફક્ત) | રૂા.૧,૧૦,૦૦૦<br>(રૂપિયા એક લાખ દસ હજાર ફક્ત) |

૧. ઉપર જણાવેલ શાખા કચેરીના સરનામા પર ઈએમડી સાથે સૂચિત ટેન્ડર ફોર્મ્સમાં સીલ કરેલ ઑફર્સ રજૂ કરવાની છેલ્લી તારીખ ૧૪.૦૨.૨૦૨૦ છે. છેલ્લી તારીખ પછી ભરાયેલા ટેન્ડર અથવા ટેન્ડર મેળવ્યા ન હોય તેવા ટેન્ડરને અમાન્ય ટેન્ડર ગણવામાં આવશે અને તે મુજબ તેને નકારવામાં આવશે. ઈએમડી પર કોઈ વ્યાજ ચૂકવશે નહીં.

૨. સંપત્તિ માટેની ઑફર્સ ખોલવાની તારીખ ૧૭.૦૨.૨૦૨૦ ના ઉપરોક્ત શાખા કચેરીના સરનામે ૫.૩૦ વાગ્યે છે. અધિકૃત અધિકારીની હાજરીમાં ટેન્ડર ખોલવામાં આવશે.

૩. સ્થાવર મિલકતનું નિરીક્ષણ કરવાની તારીખ ૧૪.૦૨.૨૦૨૦ એ બપોરે ૧૧.૦૦ થી બપોરે ૨.૦૦ સુધી છે.

૪. નોટિસમાં બાકી રકમ પરના લોન કરાર અનુસાર, લાગુ પડતા વ્યાજનો ચાર્જ વસૂલવામાં આવશે અને આનુષંગિક ખર્ચ, ખર્ચ, વગેરે, તેની વસૂલાત સુધી ચૂકવવાપાત્ર છે.

૫. વેચાણની નોટિસ દેવાદાર અને જામીનદારને આપવામાં આવે છે કે, વેચાણ સમયે તે હાજર રહેવા માટે અને તે ઈચ્છિત ખરીદદારો / ખરીદદારોને અહીં ઉપર વર્ણવ્યા મુજબ સ્થાવર મિલકત ખરીદવા માટે નિયમો અને શરતોના આધારે લાવી શકે છે.

૬. દેવાદાર(ઓ)/જામીનદાર(ઓ) ને આમ કરવા માટે સરફેસી એક્ટ ૨૦૦૨ હેઠળ ૩૦ દિવસની વેચાણ નોટિસ આપવામાં આવે છે, જે હરાજીની તારીખ પહેલાં ઉપરોક્ત રકમ ચૂકવવા માટે ચૂકવણી કરે છે, જેમાં અસમર્થ મિલકતની હરાજી કરવામાં આવશે અને બાકી રહેલી રકમ, જો કોઈ હોય તો , વ્યાજ અને ખર્ચ સાથે વસૂલ કરવામાં આવશે. જો બોરોવર વેચાણની તારીખ પહેલા પૂરી રકમ ઈન્ડિયા હોમ લોન લિમિટેડને થતી રકમ ચૂકવે તો હરાજી બંધ કરી શકાશે.

૭. હરાજીના વેચાણની વિગતવાર શરતો અને શરતો નિર્ધારિત ટેન્ડર ફોર્મમાં શામેલ છે. ટેન્ડર ફોર્મ ઉપરના શાખા કચેરી પર ઉપલબ્ધ છે.

૮. સ્થાવર મિલકત ઉચ્ચતમ ટેન્ડરને વેચવામાં આવશે. જો કે, નીચે સહી કરનારને જો જરૂરી માનવામાં આવે તો, ભરાયેલ બિડિંગને મંજૂરી આપવા માટે સંપૂર્ણ સ્વતંત્રતા અનામત રાખે છે.

૯. કંપનીના જ્ઞાનમાં ન હોય તેવી મિલકત પરની કોઈપણ જવાબદારી માટે કંપની જવાબદાર નથી.

વધુ વિગતો માટે, ઉપરોક્ત શાખા કચેરીના સરનામે, બ્રાન્ચ મેનેજરનો સંપર્ક કરો.

**એસડી / -**
**અધિકૃત અધિકારી**
**ઇન્ડિયા હોમ લોન લિમિટેડ**

**સ્થળ : અમદાવાદ**
**તારીખ : ૧૦.૦૨.૨૦૨૦**

# Can AAP save its shrinking vote share in Delhi?

**New Delhi,**

The vote share of Delhi's ruling Aam Aadmi Party has been shrinking since it swept the 2015 Assembly polls with 54.34 per cent votes, making the 2020 polls even more crucial for the Arvind Kejriwal-led party.

The Aam Aadmi Party had changed the political picture of Delhi since its formation in 2012. While the assembly polls before 2012 were between the Congress and the BJP, the assembly elections since 2013 had been all about AAP in tha national capital.

In the 2013 Assembly polls, while the Congress had secured a vote share of 24.55 per cent, the BJP had secured 33.07 per cent vote share and the AAP, which was contesting for the first time, had secured 29.49 per cent.

The AAP and the Congress joined hands to form Arvind Kejriwal-led government which lasted for 49 days.

In 2015 Assembly polls, the AAP bagged 67 out of 70 assembly seats and its vote share jumped to 54.34 per cent. The BJP's vote share was roughly the same at 32.19 per cent, while that of Congress dropped to 9.65 per cent.

However, that was the peak of the AAP's vote share.

Since the 2015 Assembly polls, the city has witnessed one Lok Sabha and one MCD elections and in both of them AAP's vote share has gone down even from that of in 2013 polls. However, it is important to note that there is a difference in the voting patterns in different elections.

Delhi witnessed MCD polls in 2017, during which AAP's vote share came down to 26 per cent, while that of Congress was 21 per cent. The BJP had the highest vote share at 37 per cent.

In the 2019 general elections, AAP's vote share shrank to just 18 per cent from 32.90 per cent in the 2014 Lok Sabha polls, with the party slipping to the third position in five of the seven Lok Sabha seats and three of its candidates losing their deposits.

The vote share of the Bharatiya Janata Party in 2019 Lok Sabha went up to 56.58 per cent from last time's 46.40 per cent, as it retained all the seven seats here. The vote share of the Congress also went up from 15.10 per cent in 2014 Lok Sabha polls to 22.46 per cent in 2019.

Delhi's ruling AAP was second on all the Lok Sabha seats in Delhi in 2014 general elections. The Congress, which was third on all the seats in 2014, on the other hand, was second on five seats in 2019 and lost its deposit on one seat.

Delhi witnessed assembly polls just months after the 2014 Lok Sabha elections.

Also, apart from the assembly elections in Delhi, the Aam Aadmi Party had only managed to get enough seats in Punjab, where it is the main opposition party, while it has contested both Assembly and Lok Sabha elections in a number of states.

Not just for the AAP, but the Delhi Assembly polls are very crucial for all the three parties here — the AAP, the BJP and the Congress. While the Congress is aiming to regain the glory of its 15-year rule, the BJP is too desperate to regain the city, where it was last elected in 1993.

BJP got its highest vote share in Delhi Assembly polls in 1993 — 42.82 per cent votes — and had formed a government. The vote share of Congress was 34.48 per cent then. Later, between 1998 and 2008, the Congress was elected with more than 40 per cent vote share. While the BJP's vote share in 1998, 2003 and 2008 was 34.02 per cent, 35.22 per cent and 36.33 per cent, and that of Congress was 47.76 per cent, 48.13 per cent and 40.30 per cent respectively. Delhi is voting on Saturday and the results will be announced on February 11.

## Polling underway at 70 Delhi Assembly seats

**New Delhi,**

Polling for the 70-member Delhi Assembly began on Saturday that will decide the fate of 672 candidates from the Aam Aadmi Party, BJP and Congress — in a three-cornered contest.

There are over 1.47 crore eligible voters, including 2.08 lakh first-timers, who will exercise their franchise between 8 a.m. and 6 p.m.

The results for the elections will be announced on February 11.

Union Ministers Harsh Vardhan, S. Jaishankar and various MPs, including controversial BJP leader Parvesh Sahib Verma, were among the early voters along with their families.

While the ruling Aam Aadmi Party (AAP) is making a bid to return to power, the BJP is seeking to get its chief minister in Delhi after 20 long years. Riding on tech-savvy elements like QR codes and mobile apps, poll authorities are vigilant amid tight security arrangements across the national capital with extra vigil in Shaheen Bagh — the epicentre of anti-CAA protest — and other sensitive polling areas.

## Facebook, Twitter refuse to take down edited Pelosi video

**Washington,**

Facebook, Twitter and Google-owned YouTube have refused to pull down an edited video posted by US President Donald Trump that showed House Speaker Nancy Pelosi ripping up a copy of the former's State of the Union address.

The five-minute video, posted on Trump's social media accounts, shows Pelosi tearing up the speech after Trump honoured several Americans and saluted a Tuskegee airman in the audience.

